

## પરબ્રહ્મ પુરુષોત્તમ

દિવ્ય તેજે ભરપૂર
આ બ્રહ્માંડે સદા પ્રગટ
બ્રહ્મસ્વરૂપે સદાકાળ
યોગી સ્વરૂપે મળ્યા
આજે 'સાહેબજી' સ્વરૂપે
પ્રગટ અને પ્રત્યક્ષ
તેઓની કૃપાશિષ
ગુરુદેવ યોગીબાપાની દૃષ્ટિ
તેઓ સૂર્યસમાન કાન્તિમાન
અમ જીવનના પોષક
તેઓના દિવ્ય તેજકિરણે
અમ સૌના આતમ ઉજ્જવલ
જે મળ્યું તે તેઓનું
દીધેલું પોષેલું
હે પ્રભુ !
અમને સૌને
આપના દિવ્ય સ્વરૂપમાં
એકાકાર કરી...
અદ્વૈત સધાવી દો !

# તેજોમય દિવ્ય મૂર્તિ... સંતભગવંત સાહેબજી

*શ્રી અક્ષરપુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર-દિલ્હીમાં પ.પૂ. ગુરુજી-મુકુંદજીવનસ્વામીજીની પ્રેરણાથી ૨૨ ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે પ્રતિષ્ઠિત સંતભગવંત સાહેબજીની આરસની પ્રથમ મૂર્તિનાં દર્શન કરતાં હૃદયાકાશમાં ઉદ્‌ભવેલા ભાવ શ્રી પ્રભુચરણે અર્પણ.*